દિવ્ય ભાસ્કર
રસરંગ
બુધવાર
23 મે, 2018

02

બ્લેક એન્ડ વ્હાઈટ
શહેરોનાં પેરન્ટ્સ માટે રેડ સિગ્નલ!

08

ચિંતનની પળે
મેં તારા માટે કેટલું કર્યું, પણ તને કદર નથી!

કર્ણાટકનો રંગારંગ કાર્યક્રમ

કર્ણાટકની ચૂંટણીએ ઘણા અવનવા રંગો દેખાડ્યા છે. ચૂંટણી પછી પણ આ રંગારંગ કાર્યક્રમ ચાલુ રહે તો ભારતના મતદારોએ તેમાંથી ઘણા પાઠ શીખવાના રહે છે અને ઘણો બોધ પણ લેવો પડશે

તડ ને ફડ
નગીનદાસ સંઘવી

હારેલી બાજી જીતી લેવાની વધારે પડતી ઉતાવળમાં ભાજપી આગેવાનોએ કર્ણાટકમાં મેળવેલી આબરૂ ધૂળમાં મેળવી દીધી છે. પાંચ વર્ષમાં ભાજપની બેઠક 40થી 104 થઈ અને શાસક પક્ષે ત્રીજા તરભેટે ઊભેલા જનતા પક્ષની કદમબોસી કરવી પડી. પરિસ્થિતિ બદલાઈ ગઈ છે તેથી ગવર્નર વજુભાઈ વાળા પર માછલાં ધોવાય તે સ્વાભાવિક છે. પણ બંધારણીય ધોરણે તેમણે પોતાની સત્તા વાજબી રીતે વાપરી છે. સર્વોચ્ચ અદાલતે કોંગ્રેસ-જનતાના જોડાણને એકજૂટ ગણ્યું છે, પણ આ જોડાણ ચૂંટણી અગાઉ થયું ન હોવાથી ગવર્નર માટે બંધનકર્તા નથી.

પણ પોતે આ જૂથમાં ભંગાણ પડાવીને સત્તા મેળવશે તેવી યેદ્દિયુરપ્પાની આશા વધારે પડતી ધાંધલથી પડી ભાંગી છે અને આટલો મોટો વિજય મળ્યા છતાં ભાજપી આગેવાનો આખા દેશમાં હાંસીપાત્ર બન્યા છે. ચૂંટણી જીતવામાં માહેર અમિત શાહ ચૂંટણી પછીના સોગઠા દાવમાં તદ્દન નિષ્ફળ ગયા છે. થોડો વખત મળે તો કોંગ્રેસ અને જનતાદળના ધારાસભ્યોને ખરીદી લેવાશે તેવી ગણતરીએ યેદ્દિયુરપ્પા ચાલ્યા છે પણ સર્વોચ્ચ અદાલતની દખલના કારણે તેમને સોદાબાજી કરવાનો સમય મળ્યો નથી. ધારાસભ્યોની ખરીદી-વેચાણ અને ગમે તે રીતે સત્તા મેળવવી અને ટકાવી રાખવી તેમાં આમજનતાને આઘાત લાગે તેટલી હદે નીતિમત્તાનો ખુડદો બોલાવી દેવાયો છે.

થોડા દિવસની અગ્નિપરીક્ષામાંથી કોંગ્રેસ અને જનતાદળ વધારે મજબૂત થઈને બહાર આવ્યા છે અને દેશભરમાં થયેલી હોહાના કારણે તેમના ધારાસભ્યો થોડા વખત માટે તો પોતપોતાના પક્ષની વફાદારી ટકાવી રાખશે.

કાયદેસર રીતે યેદ્દિયુરપ્પાને બહુમતી મળી નથી તેથી બીજી તક કોંગ્રેસી આગેવાનને મળવી જોઈએ, પણ તેમના મોવડી મંડળે પોતાનો હક્ક જતો કર્યો છે તેથી ત્રીજા નંબરે આવેલા જનતાદળના કુમાર સ્વામી મુખ્યમંત્રી પદે આરૂઢ થવાના છે. ત્રિશંકુ ધારાસભાની આગાહી થતી હતી ત્યારે મુખ્યમંત્રીના ઉમેદવારની વરણી જનતાદળ કરશે તેવું માનવામાં આવતું હતું, પણ કોંગ્રેસે પોતાની ઝડપી ચાલબાજીના કારણે કિંગમેકર થવાના હતા હવે કિંગ બની શકશે અને કુમાર સ્વામીને સત્તાની સોંપણી થશે. બહુમતી સિદ્ધ થઈ નથી તેથી કુમાર સ્વામી પણ વિશ્વાસનો મત મેળવી લેવાની વિધિ અપનાવે તેવી શક્યતા છે. પણ હતાશ થયેલા ભાજપી ધારાસભ્યો બેઠકમાં પોતાનું મોઢું બતાવવાની હાલતમાં નથી.

ધારાસભામાં એક વખત મત જીત્યા પછી કુમાર સ્વામીનું આસન છ મહિના માટે પાકું બની જાય છે, કારણ કે વિધાનસભાની બેઠક છ મહિના પછી બોલાવી શકાય તેમ છે અને હવે ઊલટો પ્રવાહ શરૂ થઈ શકે તેવી સંભાવના પણ વિચારવી જોઈએ. ભાજપના સત્તાભૂખ્યા ધારાસભ્યો કોંગ્રેસ જનતાદળનાં જૂથમાં બેસી જાય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. ધારાસભ્યો ખરીદ કરવાનો હક્ક અને આવડત ભાજપની મોનોપોલી નથી અને કોંગ્રેસ તથા જનતાદળે પોતપોતાના જમાનામાં આવી ખરીદી-વેચાણની આવડત સાબિત કરી આપી છે.

કુમાર સ્વામી અત્યારે સિંહાસને છે અને સરકાર રચવાનું કામ તેમના માટે સહેલું સટ છે પણ કોંગ્રેસ, જનતાદળે પોતાની બહુમતી વધાર્યા સિવાય ચાલે તેમ નથી. તેમણે અપક્ષોને માગેલી કિંમત ચૂકવીને સાથે રાખવા પડશે અને શક્ય તેટલા ભાજપી ધારાસભ્યોને ખરીદવા પડશે. આ કામ ખર્ચાળ છે પણ અઘરું નથી. લાંબાગાળાનાં પરિણામોનો વિચાર અત્યારે કોઈ કરવાનું નથી. કર્ણાટકમાં જે કંઈ બન્યું તે ભારતીય રાજકારણ માટે શરમાવા જેવું ગણાય પણ રાજકીય આગેવાનોને નીતિ કે આબરૂ બેમાંથી કશાની ખેવના હોતી નથી. પોતાનો સ્વાર્થ સચવાય તે માટે ગમે તે કરવા માટે આગેવાનો હંમેશાં તૈયાર હોય છે.

કર્ણાટકની ઘટના કોંગ્રેસી આગેવાનોની ચીલઝડપ અને પરિવર્તનશીલતાનો પહેલો નમૂનો છે. ગોવા-મણિપુરમાં જોવા મળેલી શિથિલતા ખંખેરી નાખવામાં આવી છે અને પડકાર ઝીલી લેવાની પોતાની શક્તિ રાહુલ ગાંધી અને તેમના સાથીઓએ પુરવાર કરી છે.

કર્ણાટક રાજ્ય ભારતીય રાજકારણમાં લાંબા વખત સુધી ગાજતું રહેવાનું છે કારણ કે એક વખત પછડાટ ખાધા પછી પણ યેદ્દિયુરપ્પા પોતાની જીદ છોડવાના નથી. હવે તેમની પાસે ઘણો સમય ફાજલ પડ્યો છે અને કોંગ્રેસ, જનતાદળની રાજવટથી દુભાયેલા લોકોને ફોડવા-તોડવાનો ઉદ્યમ જારી રાખશે.

બંને પક્ષે બહુમતી અતિશય ક્ષીણ હોવાથી કર્ણાટકનું રાજકારણ વધારે પ્રવાહી બનવાનું છે અને વિધાનસભાના બખડજંતર ચાલુ રહે તો આવતા વર્ષે લોકસભાની ચૂંટણી અગાઉ ઘણી નોંધપાત્ર ઘટનાઓ બનવાની છે. ભાજપ માટે કર્ણાટક દક્ષિણ ભારતમાં પ્રવેશ કરવાનો દરવાજો છે અને દરવાજો બીજાના હાથમાં હોય ત્યાં સુધી ભાજપી આગેવાનો જંપીને બેસવાના નથી.

કર્ણાટકની ચૂંટણીએ ઘણા અવનવા રંગો દેખાડ્યા છે. ચૂંટણી પછી પણ આ રંગારંગ કાર્યક્રમ ચાલુ રહે તો ભારતના મતદારોએ તેમાંથી ઘણા પાઠ શીખવાના રહે છે અને ઘણો બોધ પણ લેવો પડશે.

હવે શું? એ સવાલ રાજકારણમાં સતત પૂછાતો રહે છે કારણ કે રાજકારણમાં આજના બદલે હંમેશાં આવતી કાલની ગણતરી જ મહત્ત્વની છે. પોતાને હવે પછી કયા અને કેવા લાભ મળશે અને મેળવવા માટે શું કરવું પડશે તેની ગણતરી રાજકારણી આગેવાનોના મગજમાં હંમેશાં ચાલતી રહે છે.

કર્ણાટક તો ઝાંખી છે અને બીજાં ચાર રાજ્યો લાઇન લગાવીને ઊભાં છે તેથી કર્ણાટકમાં જે બન્યું તેવું બીજાં રાજ્યોમાં બને તો ભારતને કોંગ્રેસ મુક્ત બનાવવાની મોદીની મુરાદ તેમના મનમાં જ રહી જાય. કર્ણાટકમાં કોંગ્રેસે નીચા નમીને પોતાનું નિશાન સર કર્યું છે. સરકાર કુમાર સ્વામીના નામે ચાલે પણ પ્રધાન મંડળમાં તો કોંગ્રેસનો દબદબો વધારે રહેશે કારણ કે કુમાર સ્વામી પાસે બહુ ઓછી બેઠકો છે અને બેઠકના પ્રમાણમાં પ્રધાનોની સંખ્યા રાખવામાં આવે તો કોંગ્રેસી પ્રધાનોનો હાથ, હોદ્દા અને ખાતાનું મહત્ત્વ પણ વધી જાય. સાથી બન્યા છતાં કોંગ્રેસ અને જનતાદળ વચ્ચેની તકરાર બહુ જૂની થઈ નથી અને રાહુલ ગાંધી બાલિશ છે તેવું કહેનાર દેવગૌડાએ રાહુલને માપવામાં ભૂલ કરી છે. રાહુલ ગાંધી લોકનેતા નથી કારણ કે ભાષા અને વક્તૃત્વશક્તિમાં ઊણા ઊતરે છે પણ રાજકારણના ખેલાડી તરીકે તેમણે પોતાનો સિક્કો તો જમાવ્યો જ છે. ચૂંટણી જીત્યા પછીનો દોરીસંચાર રાહુલ ગાંધીના હાથમાં રહેવાનો છે અને કોંગ્રેસ હવે પછીની ચૂંટણીઓ નવા જોમથી લડશે તેમાં બે મત નથી. ■

nagingujarat@gmail.com

કમબેક : ધૂળમાં મળી ગયા પછી ઊભા થવું

પ્રતિકૂળતા, નિષ્ફળતા જિંદગીનો એક હિસ્સો છે. સફળતા પચાવવી સહેલી છે, નિષ્ફળતા પચાવવી બહુ મુશ્કેલ છે

વિહાર
કાના બાંટવા

કિલ્લાઓને ધ્વસ્ત કરવા સહેલા છે, માણસને ધ્વસ્ત કરવો સહેલો નથી. માણસ જેનું નામ તે ધૂળમાં રગદોળાયા પછી પણ ફરી ઊભો થાય છે. પડી જવું એ માણસ માટે પૂર્ણવિરામ નથી, ઊભું થવું, દોડવું, સફળ થવું... પૂર્ણવિરામ આવતું નથી, અર્ધવિરામ અને અલ્પવિરામ આવતા રહે છે. હારવું એ માનવી માટે અંત નથી. હાર્યા પછી પણ જીતવાનો જુસ્સો જાળવી રાખવો એ માણસની મૂળ તાકાત છે. ગયા વખતે ભાંગી પડવા અંગે, કેન્સરના સ્વાનુભવના ઉલ્લેખ વગર લખેલા આર્ટિકલના પ્રતિસાદની ઝડી વરસી તેમાં કેટલાય વાચકોએ રોગ સામે જ નહીં, જિંદગીની પ્રતિકૂળતાથી તૂટી જવા, નિરાશ થઈ જવા અંગે ચર્ચા કરી હતી અને પ્રશ્નો પણ કર્યા હતા જેના અનુસંધાને આ લખાઈ રહ્યું છે. મૂળ વાત તો એકની એક જ છે, તૂટી જવું એ રસ્તો નથી. માણસ તૂટે નહીં, પુરુષાર્થ કરે.

અમિતાભ બચ્ચનની વાત કોઈ વાર્તાથી કમ રોચક નથી અને કોઈ પણ મોટિવેશનલ ઉદાહરણ કરતાં વધુ પ્રોત્સાહક છે. એબીસીએલની નિષ્ફળતા પછી સુપરસ્ટાર દેવામાં ડૂબી ગયો. તેની મિલકતો પર ટાંચ આવી. પર્સનલ બેંક બેલેન્સ ઝીરો થઈ ગયું. માથા પર દેવાનો ડુંગર થઈ ગયો. ઘર પર પણ જપ્તીની નોબત આવી. પણ બચ્ચને પલાયન ન કર્યું. અડધી રાતે તે યશ ચોપરાના ઘરે ગયા અને કહ્યું, મારે કામ કરવું છે. કામ જોઈએ છે. અને 'મહોબ્બતેં' ફિલ્મ મળી. તે પછી 'કૌન બનેગા કરોડપતિ'ની ડીલ સાઈન કરી અને પછીનો ઈતિહાસ તમે જાણો છો. દેવાળિયા થઈ ગયા બાદ 57 વર્ષની ઉંમરે ફરી કામે ચડવું અને હજુ સુધી સતત કામ કરતા રહેવું કોઈ નાનીસૂની વાત નથી. 57ની ઉંમરે તો લોકો નિવૃત્તિનું પ્લાનિંગ કરતા હોય. કામ કરવાની તાકાત તો હોય પણ ઇચ્છા ન બચી હોય. જોમ ન રહ્યું હોય. અનુભવ વિશાળ હોય પણ નવું કશું કરવાની હિંમત ન રહી હોય. ડર લાગતો હોય નુકસાનીનો, નિષ્ફળતાનો. વધુ પડતા અનુભવને લીધે ડહાપણે ગભરુ બનાવી દીધો હોય. થોડો ભીરુ પણ થઈ ગયો હોય. ઠંડો પડી ગયો હોય. એવા સમયે નવેસરથી કરિયર શરૂ કરવાનું વિચારવું એ જ મોટી વાત કહેવાય. અમિતાભ એ કરી શક્યો. અભિમાન છોડીને કોઈ સંઘર્ષ કરી રહેલા અભિનેતાની જેમ કામ માગવા જઈ શક્યો. આ એ જ બોલિવૂડ છે જ્યાં માણસ નાની-નાની વાતમાં નિરાશ થઈને ડિપ્રેશનમાં સરી જતા હોય છે. કેટલાક આપઘાત પણ કરી લેતા હોય છે. કેટલાક દુનિયાથી મોં છુપાવી લેતા હોય છે. નિષ્ફળતાને પચાવવી વધુ મુશ્કેલ છે, સફળતાને પચાવવા કરતાં. સફળતા વખતે તો તમારી આજુબાજુ ઘણા લોકો હોય છે. તમે સફળતા ન પચાવી શક્યા હો તો પણ આજુબાજુના લોકો તમારી વાહવાહ કરતા રહશે. તમારી નબળાઈને પણ તેઓ સબળાઈ કહેશે, ગણશે. તમારી મહાનતાનાં ગુણગાન ગાશે. તમે સફળતાને પચાવી ગયા છો એવાં સર્ટિફિકેટ આપશે અને તમને પણ એ ભ્રમમાં રાખશે, પણ નિષ્ફળતા વખતે તમે અને તમારું મન બે જ હશે. થોડા મિત્રો હશે, જૂજ સ્વજનો હશે. તેમાંના પણ કેટલાંક સલાહ આપતાં રહેતાં હશે. તમે ભૂલો ગણતા હશો. ભૂલો વાગોળતા હશો. નસીબને કોસતા હશો. સંજોગોને ભાંડતા હશો. તમારી સમૃદ્ધિમાં સાથ આપનારાઓ મોં સંતાડવા માંડ્યા હશે અને તમારી નિષ્ફળતામાંથી ફાયદો ઉઠાવનારાઓ છાતી ફુલાવીને ચાલતા હશે જે તમે જોઈ નહીં શકતા હો.

આવી સ્થિતિને પચાવી જવી એ સાચું ડહાપણ છે. આવી સ્થિતિમાં મનને કાબૂમાં રાખવું એ સાચી તાકાત છે. આવી સ્થિતિમાં નિરાશાને સ્થાને આશાને જીવંત રાખવી એ ખરા માણસની ઓળખ છે. અને એ બહુ અઘરું છે. આવા સમયમાં સૌથી મોટો શત્રુ એકલતા હોય છે. મન એકાંતમાં બહુ દોડે. મન માટે એકાંત હાઈવે છે. રેસિંગ ટ્રેક છે. આમ તો મોકળું મેદાન છે. ગમે તે દિશામાં ગમે તેટલું દોડે તોયે અંત ન આવે એવું મોકળું મેદાન એટલે એકાંતમાં મન, મનફાવે તેમ દોડે-ભાગે. અનિયંત્રિત મન નિરાશા, હતાશા, સ્ટ્રેસનું જનક છે. એ કાલ્પનિક ઘોડાઓ ઘડે. વિચારવાયુ કરે. આભાસી ભય બતાવે. ન હોય તેવાં જોખમો બતાવે. કાલ્પનિક લડાઈઓ લડાવે. અનિયંત્રિત મન તમને પોતાના નિયંત્રણમાં લઈ લે છે. ગુલામ માલિક બની જાય છે. અને ચાકર સ્વામી બને પછી તો સ્વામીની કેવી વલે કરે? મન આવું જ કરે છે. મન પરિકથાના પેલા જીન જેવું છે, જે જો નવરો પડે તો પોતાના આકાને જ ખાઈ જાય. વાર્તા કાંઈક એવી છે કે એક માણસને એક કાચની બોટલ મળી. તેણે બોટલનું ઢાંકણું ખોલ્યું તો તેમાંથી એક વિશાળકાય જીન નીકળ્યો. અને બોલ્યો કે હુકમ કરો મેરે આકા. માણસે પૂછ્યું કે હું જે કોઈ હુકમ કરું તે વસ્તુઓ તું લાવી દે? હું કહું એ બધાં કામ કરી દે? જીને જવાબ આપ્યો કે હા. બધું જ કરી દઉં, બધું જ લાવી દઉં. પણ મારી એક શરત છે. જો હું નવરો પડીશ તો તમને ખાઈ જઈશ. પેલા માણસે કહ્યું, ઠીક. તું મારા માટે સોળ જાતનાં પકવાન લઈ આવ. જીન અદૃશ્ય થયો અને પળવારમાં તો પકવાન સાથે હાજર. માલિકે કહ્યું, મારા આ ઘરની જગ્યાએ બંગલો બનાવી દે, આંખના પલકારામાં તો બંગલો તૈયાર. અઢળક પૈસા લાવી દે, પૈસા હાજર. દાગીના ઘરેણાં જોઈએ, એ પણ હાજર. નોકર ચાકરની ફોજ લાવ, આવી ગઈ તરત. જેવું કામ પૂરું થાય કે જીન માલિકને ખાવા ધસે, માલિક માંડ નવું કામ સોંપે. વિચારવા માટે થોડો સમય મળે એ માટે માલિકે આજ્ઞા કરી, લંકામાંથી સોનું લઈ આવ. જીન ગયો. માલિક મૂંઝાયો હતો. મોત ભાળી ગયો હતો. જીન જીવવા નહીં દે એવી ખાતરી થઈ ગઈ હતી. જીનને વ્યસ્ત કેમ રાખવો એ સમસ્યાનો ઉકેલ વિચારતો હતો ત્યાં જ જીન આવી ગયો લંકાનું સોનું લઈને. માલિકે કહ્યું, સો મીટર લાંબું લાકડું શોધી લાવ. થોડી મિનિટો લાગી પણ શોધી લાવ્યો ક્યાંકથી એવડું લાંબું લાકડું. હવે 10 મીટર ઊંડો ખાડો ખોદ. ખોદ્યો. એમાં આ લાકડું ઊભું રોપ. રોપ્યું. હવે મારી એક સ્ટેન્ડિંગ આજ્ઞા યાદ રાખી લે, જ્યારે હું કોઈ કામ ન સોંપું ત્યાર માટેનું એક કામ છે. આ લાકડા પર તારે ચડવાનું અને ઊતરવાનું. ચડવાનું અને ઊતરવાનું. જ્યાં સુધી નવું કામ ન સોંપું ત્યાં સુધી ચડઊતર કરતાં રહેવાનું. મન આ જીન જેવું છે. તે નવરું હોય ત્યારે નખ્ખોદ વાળી નાખે. એટલે એને કોઈ કામ સોંપતાં રહેવું. એને વ્યસ્ત રાખવું. એને સ્થિર રાખવું. તો એ પ્રોડક્ટિવ કામ કરશે.

પડીને બેઠા થવા માટે, નિષ્ફળતા પછી સફળતા માટે આ જરૂરી છે. મનોબળ દૃઢ બનશે તો ફરી શરૂઆત કરી શકાશે. મનોબળ મક્કમ હશે તો નિરાશાને ખંખેરી શકાશે. નિષ્ફળતા એટલે બધું ખતમ થઈ ગયું એવું નહીં, નિષ્ફળતા એ સફળ થવા માટેનો અનુભવ છે. એક નિષ્ફળતા ઘણું શીખવી જાય. ક્યારેક એકથી વધુ નિષ્ફળતા મળે. એટલું વધુ શીખવા મળે. થોમસ આલ્વા એડિસન કે જેક મા જેવાં ઉદાહરણો તમારી સામે છે. સતત

અનુસંધાન છઠ્ઠા પાને

નાયિફ્ફ કા નયા નજરાના

નીલે ગગન કે તલે
મધુ રાય

આ વર્ષે તે ૧૮મી સાલગિરાહ હતી, અમેરિકાના સૌથી દીર્ઘજીવી સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલ NYIFFની (યાનીકિ 'નાયિફ્ફ'ની, ન્યુ યોર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલની). દર વર્ષે ન્યુ યોર્કમાં થતા આ ફિલ્મુત્સવમાં આ વખતે પણ ધમાકેદાર પહેલી ફિલ્મ હતી રવિ જાધવની 'ન્યૂડ', સેન્ટરપીસ હતી મીરાન્શા નાઈકની 'જૂઝે', અને પરાકાષ્ટાએ હતી હંસલ મહેતાની 'ઓમર્તા.' કુલ ૭૮ શોર્ટ્સ, ડોક્યુમેન્ટરીઝ અને ફીચર ફિલ્મો ૧૧ ભાષાઓમાં સાદર થયેલી. શ્રીદેવીને અંજલિરૂપે 'ઇંગ્લિશ વિંગ્લિશ', સૌમિત્ર અને પ્રસેનજિતની જુગલબંધીવાળી અતનુ ઘોષની 'મયૂરાક્ષી', નિશિલ શેઠની 'ભસ્માસુર', ઉમેશ કુલકર્ણીની 'કુંભ', દેવાશીષ મખીજાની 'અજ્જી, વિધવિધ શોર્ટ ફિલ્મો દા.ત. 'સાડીવાલા', 'મુંગફલીવાલા', અને શશીકપૂરની સ્મૃતિમાં 'શેક્સપીયરવાલા' તથા મર્ચન્ટ આઇવરી પર્સપેક્ટિવની ક્લાસિક કૃતિઓ આણિ એક નવી ફિલ્મ 'ઓટોબાયોગ્રાફી ઓફ એ પ્રિન્સેસ'. નામો વાંચતાં, તેનાં વર્ણનનાં વાનાં ચક્ષુને ચટાડતાં ગગનવાલા મન મસૌસીને રહી જાય છે, કોઈપણ સંજોગોમાં બધી જોવાય તેમ નહોતું, અને આ વખતે બુરા હવામાનના કારણે ફક્ત ચાર પૂર્ણાંગ ફિલ્મો તથા સાતેક શોર્ટ જોવાઈ. 'મયૂરાક્ષી' જોવાના કરાર કીધેલા જાત સાથે પણ ન જવાયું, 'ભસ્માસુર', 'કુંભ', 'શૂન્યતા' જોવાની લાલચ હતી પરંતુ આપણું ધાર્યું કાંઈ થતું નથી. ત્રણેક વર્ષ પહેલાં 'હૈદર'એ મગજનો કબજો લીધેલો; તે પછી 'દમ લગા કે હઈસો', ત્યાર બાદના વર્ષે 'કલર્સ ઓફ ઈનોસન્સ', 'મુક્તિભવન', 'પૂર્ણા' જેવી યાદગાર હતી તેવી આ વર્ષે જોયેલી સિનેમામાં એક પણ મનનો મોરલો નચાવે તેવી નહોતી.

'ન્યૂડ' ફિલ્મમાં જીવન નિર્વાહ માટે ચિત્રકારો સમક્ષ ન્યૂડ મોડેલિંગ કરતી મહિલાઓની વાત છે, કે પછી હિંદુ દેવીઓનાં નગ્ન ચિત્રો બનાવનાર મુસ્લિમ ચિત્રકારની વાત છે કે પછી સુવ્વર પતિલોકોની પત્નીઓ ઉપરની દાદાગીરીની વાત છે. ટૂંકમાં ફિલ્મનું સ્થિર કેન્દ્રબિંદુ નથી અને ન્યૂડ મોડેલિંગના નાવીન્ય અને નાયિકાના સૌમ્ય અભિનય સિવાય દિલકશ કાંઈ ન મળ્યું. છેલ્લી ફિલ્મ 'ઓમર્તા' તો વારે વારે ફિલ્મ ફેસ્ટિવલવાલોમાં દેખાડાય છે એવું સાંભળ્યું. એમાં એક પાકિસ્તાની આતંકીની કથા છે જાણી અપેક્ષાનાં ઝરણાં ફૂટેલાં પરંતુ તેમાં પણ દસ્તાવેજી ચિત્રણ છે, 'ફિક્શન' યા તો ફીચર ફિલ્મને શોભે એવી કલા બહાદૂરી નથી. 'અજ્જી' ફિલ્મ પોતાનું નિશાન જાણે છે અને કથાનાં પત્તાં ક્રમશઃ ઊતરે છે; અને ગોઝારી ઘટનાના વેરરૂપે અતિગોઝારો અંત બતાવી પ્રેક્ષકોને પરિતુષ્ટ અવશ્ય કરે છે.

શોર્ટ ફિલ્મો વખતે પણ મનોહર હતી. નાની નાની હાઈકુ જેવી આ પેશગીઓમાં મરક મરક હસાવે ને અચાનક સિક્સર લાગે ત્યારે આપણે ઊભા થઈ જઈએ એવી રસિક છાયાછબિ ફક્ત ૧૫ મિનિટની ફિલ્મ 'લાઈફ ઈન અધર વર્ડ્ઝ'. બંગલાદેશના દિગ્દર્શક અબરાર અથારની. સાધારણ સ્થિતિના મધ્યવિત્ત પરિવારમાં આમ તો દુઃખદ ઘટનાઓનો પાર નથી પરંતુ જિંદગીને જીવવા યોગ્ય બનાવે છે ઓન્લી વન થિંગ-ક્રિકેટ! બંગલાદેશની ક્રિકેટ ટીમની એક મેચની આસપાસ ગોઠવાયેલી આ શોર્ટમાં અભિનય, કથા, દિગ્દર્શન સર્વે ટોપમટોપ.

આ નાયિફ્ફના નામમાં ભલે 'ઇન્ડિયન' હોય પરંતુ અકસર તેમાં અગ્નિકોણના એશિયાના ચાર દેશોની ફિલ્મો

અનુસંધાન છઠ્ઠા પાને

શ્રી દાતા રતન જ્યોતિષ
A To Z
7874830473

સાંઈ મહાકાલી જ્યોતિષ
Love Problem
70468 59725

સાંઇ સર્વસિદ્ધિ જ્યોતિષ
M-9662255151

સિદ્ધ તાંત્રિક બાપુ
ઝડપી સમાધાન
www.saishrdhajyotis.com
8739992145

શિવશ્રધ્ધા જ્યોતિષ
M: 99246 34078

સાંઈ મહાકાલ બાપુ
M. 8160132734

yougle
સફળતાનું સર્ય એન્જિન
યુગલ પેજ નં. 7 પર વાંચો »
■ આ ફેક્ટર્સને આધારે પોતાના માટે પસંદ કરો બિઝનેસ સ્કૂલ
■ નિર્ણયો જાતે જ લેવા પડશે : રાકેશ ઓમપ્રકાશ મહેરા
■ રાઈટિંગ કોન્ટેસ્ટમાં જીતો રૂપિયા ૮૦,૦૦૦

રસરંગ
પૂર્તિ અને લેખો વિશે હવે વૉટ્સએપ પર મોકલો
આપના પ્રતિભાવો નં.: 8980047475
(માત્ર વૉટ્સએપ મેસેજ માટે છે.)